| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૨/૦૧/૨૦૨૧ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૦૮/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૦૧ | ૨ | ૧૧૧૦૩ | ૧૭૨૩૧ | ૨ | ૧૭૨૩૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૩ | ૨ | ૪૬૮૫ | ૬૨૦૬ | ૨ | ૬૨૦૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૫૨૭૫ | ૨૧૨ | ૨૫૪૮૭ | ૨૬૪૫૦ | ૨૩૬ | ૨૬૬૮૬ |
| | કુલ | ૪૧૧૨૧ | ૨૧૬ | ૪૧૩૩૭ | ૫૦૧૪૭ | ૨૪૦ | ૫૦૩૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૭ | ૧૬,૬૫,૪૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૫૭૭ | ૩૫,૭૭,000/- |

# પેરોલ જમ્પના આરોપીની અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

## પેરોલ જમ્પ મર્ડરના કાચા કેદી આરોપીબેનને પકડી પાડતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રી વાસ્તવ સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ નાસ્તા ફરતા આરોપી તથા પેરોલ જમ્પ આરોપી પકડવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.સબ.ઇન્સ.વી.એમ.સાટીયા તથા શી ટીમના માણસો માણસો પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સબ.ઇન્સ.વી.એમ.સાટીયા તથા એ.એસ.આઇ. વિજયરાજસિંહ પ્રતાપસિંહ નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે કાચા કેદી બેન નામે ઝુલીબેન વા/ઓ કાંતીલાલ વિરજીભાઇ ભાટીયા ઉ.વ.૪૫ રહે. બી/૨ માનસરોવર ફ્લેટ પહેલો માળા દક્ષીણી મણિનગર અમદાવાદ શહેર હાલ રહે.મ.નં.બી/૧૦૮ આક્રૃતી-૨ નારોલ અમદાવાદ શહેરનાઓ અમદાવાદ જીલ્લા વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.ન.૨૧/૨૦૧૭ ધી ઇ.પી.કો,કલમ. ૩૦૨ મુજબના ગુના સબબથી તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ થી જેલમા મોકલી આપેલ જે બાદ આશરે દોઢ વર્ષ પહેલા સાત દિવસની પેરોલ મંજુર થતા જેલ પરથી પેરોલ પર મુક્ત કરવામાં આવેલ અને જે બાદ તેઓ અમદાવાદ સેંટ્રલ જેલ ખાતે હાજર થયેલ નહી જે મજકુર કેદી આજદીન સુધી હાજર થયેલ ન હોય જે બેન નારોલ આકુતી-૨ મ.નં. બી/૧૦૮ મા હોવાની હકિકત આધારે તપાસ કરતા મળી આવતા સદરીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ કોવિડ -૧૯ રિપોર્ટ કરાવડાવી મર્ડરના પેરોલ જમ્પ આરોપીબેનને સેંટ્રલ જેલ ખાતે મોકલી આપી સારી કામગીરી કરેલ છે. તા.૦૧.૦૧.૨૦૨૦

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન

## છેલ્લા ૧૧ માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-પ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત નાઓના સીધા માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે.ગોરના કુવા પોલીસ ચોકીના પો.સબ.ઇન્સ. આર.એન.ચુડાસમા તથા પો.કો.વિનોદભાઇ ચંદુભાઇ બ.નં.૪૫૦૬ તથા સિધ્ધાર્થભાઇ કિશનભાઇ બ.નં.૯૪૮૦ તથા પો.કો. વિજયસિંહ ભરતભાઇ બ.નં.૮૪૫૫ તથા પો.કો નારણભાઇ જીણાભાઇ બ.નં.૮૭૯૯ તથા લો.ર. હિતેન્દ્રભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૮ સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો.વિનોદભાઇ ચંદુભાઇ બ.નં.૪૫૦૬ તથા સિધ્ધાર્થભાઇ કિશનભાઇ બ.નં.૯૪૮૦ નાઓને મળેલ સંયુકત અને ચોક્ક્સ બાતમી હકિકત આધારે ખોખરા પો.સ્ટે ગુ.ર.નં-પાર્ટ-A-૧૧૧૯૧003૨000૮0/૨0૨0 તા.૨૭/0૧/૨0૨0 મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી મિત પ્રવિણભાઇ જોષી રહે-મ.નં-0૭/અ પ્રેરણાપાર્ક સોસાયટી મણીનગર અમદાવાદ શહેરનાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગાર રમતા ઇસમોને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસની અટકાયતી સ્કોર્ડ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓની સુચના આધારે અટકાયતી સ્કોર્ડ ટીમના ઇન્ચાર્જ અ.હેડ.કોન્સ.કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તીની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ ૩૧ મી ડીસેમ્બર અનુસંધાને કોઇ અનિચ્છનીય બનાવ નતે સારૂ આજરોજ તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ ક-૧૪/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૬/૦૦ વાગે કૃષ્ણનગર મારૂતિ પ્લાઝા પાસે આવતા અમોને તથા સાથેના લોકરક્ષક વેલાજી હેમાજી નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે "કૃષ્ણનગર કલ્યણભવન ઉમા મિનરલ વોટર સપ્લાય" ખાતે ઉપરના માળે પતરાવાળા શેડમા મનીષભાઇ પુંજાભાઇ પટેલનાનો પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમે રમાડે છે" વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેરનુ જુગાર ધારા કલમ-૬ મુજબનુ વોરંટ નંબર-૩૬૨/૨૦૨૦ તા.૩૧/૧૨/૨૦૨૦ નુ ઇસ્યુ થયેલ હોય જે વોરન્ટ આધારે પો.સબ.ઇન્સ. એન.એસ.સાકરીયાનાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ પતરાવાળા શેડની અંદર રેઇડ કરી રૂમમાંથી દસ ઇસમો ગોળ કુંડાળા વળી એક-બીજાની નજીક-નજીક સોશ્યલ ડિસ્ટન્સ નો ભંગ કરી અલગ-અલગ રકમના જુગાર રમતા બેઠેલ મળી આવતા દસેય ઇસમોને જગ્યા ઉપરથી પકડી પાડી તા.૩૧/૧૨/૨૦૨૦ ના ક.૧૮/૩૦ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસ ચાલુ રાખી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી સારી કામગીરી કરેલ છે તા.૦૧/૦૧/૨૦૨૧

### આરોપીઓના નામ:-

(૧) મનિષભાઇ પુંજાભાઇ પટેલ ઉ.વ.-૩૪ રહે-એ/૭, રંગસાગર એપાર્ટમેન્ટ સરદાર ચોક કૃષ્નનગર અમદાવાદ શહેર+ ૯ = ૧૦

## મુદ્દામાલ-

અંગજડતીના નાંણા રૂ.૧,૨૫,૪૦૦/-તથા દાવના નાંણા રૂ.૧૮,૩૦૦/- તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૧૧ કિ.રૂ. ૨,૬૮,૦૦૦/-તથા ત્રણ એકટીવા કિ.રૂ. ૧,૩૪,૦૦૦/- તથા એક એવેન્જર મો.સા. જેની કિ.રૂ. ૫૫,૦૦૦/- તથા એક સી.બી.ઝેડ મો.સા. જેની કિ.રૂ. ૪૨,૦૦૦/- એક ડી.વી.આર કિ.રૂ. ૧૦,૦૦૦/- તથા મળી કુલ્લે કિ.રૂ. ૬,૫૨,૭૦૦/- મત્તાનો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

અટકાયતી સ્કોર્ડ ટીમ ના ઇન્ચાર્જ અ.હેડ.કોન્સ.શ્રી અ.હેડ.કોન્સ.કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા સાથેના સ્ટાફના માણસો એ.એસ.આઇ રમણભાઇ કરશનભાઇ બ.નં-૭૭૫૨ તથા અ.હે.કો. અતુલકુમાર મુળજીભાઇ બ.નં.-૪૦૧૬ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં.૯૨૪ તથા વુ.લોકરક્ષક સતિષકુમાર જયંતીલાલ બ.નં.૫૩૧ તથા લોકરક્ષક મહાવીરસિંહ ધીરૂભા બ.નં.-૫૭૮ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં.-૪૮૩ તથા બીજા સ્ટાફના માણસો

# પાસા અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન

## આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રામોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ શરીર સંબંધી તથા મિલ્કત સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૪૪૫/૨૦૨૦ તા.૩૧/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી ખુશાલ ઉર્ફે કુશાલ ઉર્ફે સોનુ સ/ઓ મધુકરભાઇ બબનભાઇ જાતે ભોંસલે(મરાઠી) ઉ.વ.૨૨ ધન્ધો.નોકરી રહે.એચ/૨૦૫ આકૃતી ટાઉનશીપ નંદનવન હાઇટસ પાસે નારોલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૧/૦૧/૨૦૨૦ ના ક.૧૯/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથેપાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



## શહેરકોટડા પોલીસ સ્ટેશન

# મિલ્કત સબંધી તથા શરીર સબંધી ગુનાઓ આચરનાર આરોપીઓની પાસા અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી “ડી” ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી પ્રવુત્તિ તથા શરીર સબંધી અસામાજીક પ્રવુત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે મિલકત સબંધી પ્રવુત્તિ સાથે સંકળાયેલ નં-(૧) સુર્યપ્રકાશ ઉર્ફે ક્રિષ્ના રામાવતાર પાલ ઉવ.૨૩ રહે, આચાભાઇની ચાલી ડબ્બા ગલી પાસે સરસપુર અમદાવાદ શહેર નાઓની મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૬/૨૦૨૦ તા.૩૦.૧૨.૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી મશ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે તથા શરીર સબંધી અસામાજીક પ્રવુત્તિ સાથે સંકળાયેલ નં.(૨) ચન્દ્રીકાબેન પરષોત્તમભાઇ પરમાર ઉ.વ.૫૫ રહે. શાહ પોપટલાલ મોહનલાલની ચાલી સીટી ગોલ્ડ સિનેમા પાસે સરસપુર અમદાવાદ શહેર નાનીને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૪૬/૨૦૨૦ તા.૩૧/૧૨/૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી આપવા તજવિજ કરેલ છે. તા.૩૧.૧૨.૨૦૨૦

## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી કરતાં આરોપીને પકડી પાસા અટકાયત હેઠળ પલારા ખાસ જેલ ભુજ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એલ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૦૧૨૯૦/૨૦૨૦ મુજબના ગુનાના કામના આરોપી ધ્રુવીલ ઉર્ફે હેરી ભરતભાઈ શાહ ઉ.વ.૨૩ રહેવાસી, ત્રીજો માળ પાર્થ હોસ્પિટલની ઉપર ઓમકાર હોસ્પિટલની સામે રામનગર સાબરમતી અમદાવાદ શહેર નાનો પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છુપીથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ (૧) મેક ડોવેલ્સ નં.૦૧ સુપીરીયર વ્હિસ્કી ઓરીજનલ કુલ્લે ૧૯૮ નંગ કિં.રૂ.૮૯,૧૦૦/- તથા (૨) ઓફીસર્સ ચોઈસ વ્હિસ્કી ૨૨૮ બોટલોની કિં.રૂ.૧,૦૩,૭૪૦/- તથા (૩) ઓફીસર્સ ચોઈસ વ્હિસ્કી ૪૮ બોટલોની કિં.રૂ.૫,૫૨૦/- મળી કુલ ૪૭૪ સીલબંધ બોટલ કિ.રૂ.૧,૯૮,૩૬૦/- તથા એક વીવો કંપનીનો મોબાઈલ ફોન જેની કિં.રૂ.૨૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૨,૦૦,૩૬૦/-ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરતાં મળી આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૨/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ થી સદરી આરોપીને ખાસ જેલ પલારા ભુજ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૧/૦૧/૨૦૨૧ કલાક ૨૨/૨૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પલારા ભુજ ખાતે મોકલી આપેલ છે.

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.ઇન્સ. આર.એલ.ખરાડી

(૨) હે.કો. નિખિલેશ દિપકકુમાર બ.નં.૮૫૩૯

(૩) પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કો. પ્રકાશભાઇ કાન્તીભાઇ બ.નં.૧૩૧૬૭



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ સુચના મુજબ (૧)શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ૧૧૧૯૧૦૪૧૨૦૦૦૭/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૪૨૭,૪૬૧ (૨)નિકોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ૧૧૧૯૧૦૧૫૨૦૦૮૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ (૩)સરદારનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ૧૧૧૯૧૦૪૦૨૦૧૦૫૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦,૪૫૪,૪૫૭,૪૨૭ (૪)સરદારનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ૧૧૧૯૧૦૪૦૨૦૧૫૫૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦,૪૫૪,૪૫૭,૪૨૭ મુજબ ના મિલ્કત સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:PCB/DTN/PASA/03/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે તા.૦૧/૦૧/૨૦૨૧ ના કલાક:૨૨/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૧/૦૧/૨૦૨૧

### આરોપીનું નામ:-

રવિ કનૈયાલાલ બજરંગે (છારા) રહે.બી વોર્ડ માચીસ ગલી છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પી.આઇ પર્સનલ એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. હરદીપસિંહ બલભદ્રસિંહ બ.નં.૮૯૨૮ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## વટવા પોલીસ સ્ટેશન

# વટવામાં શરીરસબંધી-૦૪ તેમજ પ્રોહીબીશન સબંધી-૦૧ એમ કુલ્લે-૦૫ આરોપીઓને પાસામાં ધકેલતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. ખાતે અલગ અલગ શરીરસબંધી તથા પ્રોહીબીશનના ગુનાઓના ૦૫ આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત પાઠવતા ૦૫(પાંચ) આરોપીઓ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ પાસાનો હુકમ કરેલ હોય સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) ઈમરાનભાઈ કલ્લનભાઈ મંસુરી ઉવ.૩૦ રહે- બ્લોક નં.૦૩/૫૫, વટવા રેલ્વે ક્રોસિંગ પાસેના ચાર માળીયા, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) વટવા પો. સ્ટે. પાર્ટ-એ-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૦૦૩૫૯/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪, ૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ-૦૩ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) વટવા પો. સ્ટે. પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૧૦૫૫/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૨૩, ૨૯૪ (ખ), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ ના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૦૯/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૨) મુસ્તકીમ ઉર્ફે મુન્નો સલીમભાઈ શેખ ઉવ.૩૨ રહે- બ્લોક નં.૦૩/૫૫, વટવા રેલ્વે ક્રોસિંગ પાસેના ચાર માળીયા, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) વટવા પો. સ્ટે. પાર્ટ-એ-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૦૦૩૫૯/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪, ૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ-૦૩ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦ ૧૦૫૫/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૨૩, ૨૯૪ (ખ), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ ના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૦/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૩) શાહબાઝ સ/ઓ મહમદયુસુફભાઈ મહમદભાઈ લકુમ ઉવ.૨૩ રહે- સઈદાબાઈની ચાલી, સીલીકોનવેલીની સામે, સૈયદવાડી, વટવા તથા અહેજાજનગર ઈમદાદનગરની સામે, સૈયદવાડી, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૦૮૪૩/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૪૨૭, ૨૧૨, ૧૧૪ તથા GP Act -૧૩૫(૧) મુજબ તથા (૨) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૦૮૪૪/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૪૫૨, ૪૨૭, ૨૧૨, ૧૧૪ તથા GP Act -૧૩૫(૧) મુજબના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૦૮/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૪) મહમદઈરફાન ઉર્ફે હુસૈન સ/ઓ શેહનુદ્દીન બસરૂદ્દીન જાતે-નીલગર ઉવ.૩૧ રહે- મ.નં.એ/૪, કુત્બેઆલમ સોસાયટી, સદાની ધાબી કેનાલ રોડ, વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) ગોમતીપુર પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૧૮૨૦૦૦૭૫/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭ તથા GP Act -૧૩૫(૧) મુજબ (૨) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૦૮૪૩/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૪૨૭, ૨૧૨, ૧૧૪ તથા GP Act -૧૩૫(૧) મુજબ તથા (૩) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૦૮૪૪/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૫૨, ૪૨૭, ૨૧૨, ૧૧૪ તથા GP Act -૧૩૫(૧) મુજબ ના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૯/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૫) લલીત સ/ઓ જગદીશચન્દ્ર શિવનારાયણ જાતે-શર્મા ઉવ.૩૨ રહે- એ/૩૦૪, કુશલ આવાસ યોજના, વ્રજભુમી બંગ્લોઝની પાછળ, વટવા, અમદાવાદ શહેર તથા મુળ રહે- ગામ-તુશામ, તા-તુશામ, જિલ્લા-બિવાની, રાજ્ય-હરિયાણા નાઓ વિરુધ્ધ (૧) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-સી- પ્રોહી ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૦૮૫૧/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુના આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૫/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ તથા રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

(૧) સતરારામ સ/ઓ કાનારામ જોમારામ ચૌધરી, ઉ.વ.૩૨, રહે: મ.નં-૫૦૪, દેવકૃપા ફ્લોરા રેસીડન્સી, નેશનલ હેન્ડલુમ સામે, નિકોલ, અમદાવાદ શહેર મુળવતન - ગામ - કૌરા, તા - ભીનમાલ, જી-જાલોર, રાજસ્થાન તથા નં- (૨) મેઘારામ નાથાજી ચૌધરી ઉ.વ.૪૫ રહે. ભગીરથવિલા સોસાયટી, કઠવાડા જી.આઇ.ડી.સી રોડ નં - ૮, નિકોલ, અમદાવાદ શહેર મુળવતન – ગામ - શેવડી, તા - બાગુડા, જી - જાલોદ, રાજસ્થાન

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી ગુ ર નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૪૫૬/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫ (એ)(ઈ),૮૧, ૧૧૬ (બી) ,૯૮(૨) મુજબ

### પાસા હુકમ તથા બજવણી

(૧) પાસા હુકમ નં- PCB/DTN/PASA/13/2021 તા. 01/01/2021 તથા બજવણી તા :- ૦૧/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/30 વાગે :- ભુજ પાલરા જેલ_(૨) પાસા હુકમ નં- PCB/DTN/PASA/14/2021 તા. 01/01/2021 તથા બજવણી તા :-_૦૧/૦૧/૨૦૨૧ ના કલાક ૨૩/00 વાગે :- રાજકોટ જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ અળખાભાઇ કરશનભાઇ બ.નં- ૮૬૧૫ તથા અ પો કો બીજલભાઇ શામળભાઇ બ નં ૧૦૩૫૮ તથા અ પો કો ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં. ૧૦૧૯૫ તથા અ પો કો જયદીપસિંહ દેવસંગભાઇ બ. નં. ૧૧૯૪૯

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

# પાસા અટકાયતના આરોપીને પકડી લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો સીની.પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.બલોચ ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામવાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૦૨/૨૦૨૧ તા-૦૧/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયતી સાકીરહુસેન ઉર્ફે કચ્યુ સ/ઓ સાબીરહુસેન કાસમઅલી શેખ ઉ.વ.૨૧ રહે-બ્લોક નં.૪૭ ચોથામાળે સદભાવના ચોકીની સામે વટવા અમદાવાદ શહેર નાઓને લાજપોર જેલ સુરત ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ તથા માણસોએ બાતમી હકિક્ત આધારે સદરી ઇસમને પકડી પાડતા આજરોજ તા-૦૧/૦૧/૨૦૨૧ ના રોજ સદર પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતમાં લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપેલ છે. તા.૦૧/૦૧/૨૦૨૧



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૯/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૯ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૪૫૪ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૩,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧/૨૦૨૧

**સરખેજઃ** સંદીપકુમાર કીરીટભાઈ પટેલ (રહે. દેવ કુટીર બંગ્લોઝ આંબલી ઇસ્કોન રોડ આંબલી) એ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૨૬/૧૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન અમદાવાદ સરખેજ સાણંદ રોડ ગોડાઉન નં.ડી-૩૭ હાઈ-વે એસ્ટેટ મીત ઇલેક્ટ્રોનીક્સ જંક્શન પ્રા.લી ખાતેથી આરોપી વિશાલ અનીલભાઈ પટેલ (અપુર્વભાઈ) (રહે. આર.આર.પટેલ શોપીંગ સેન્ટર પેટ્રોલપંપ પાસે બાંધણી ચોકડી સોજીત્રા રોડ આણંદ) એ ઇલેક્ટ્રોનીક્સનો સામાન ખરીદી કરી થોડા સમય સમયસર પૈસા આપી વિશ્વાસ કેળવી, ત્યારબાદ સંદિપકુમાર પટેલ પાસેથી ઉધારમા ઇલેક્ટ્રોનીક્સનો સામાન રૂપિયા ૫,૩૧,૯૭૩/- ખરીદી કરી તે પેટેના નાણા આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨/૨૦૨૧

**નરોડાઃ** ઈશ્વરસિહ કરણસિહ સોલંકી (રહે. સુરેશપાર્ક સોસાયટી ડાહ્યાલાલ પાર્કની બાજુમાં કઠવાડા રોડ નરોડા) એ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૩૦/૧૨/૨૦૨૦ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા કડવા પાટીદાર વાડી નજીક પાર્ક કરેલ રાવ ટ્રાવેલ્સની લકઝરી બસ નંબર જીજે ૦૧ એફટી ૭૧૬૩ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩/૨૦૨૧**

**શાહીબાગઃ** જગદીશભાઇ ગુલાબભાઇ રાવત (ઉ.વ.૩૯) (રહે. ગોવાજીના છાપરા ભીલવાસ અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૧ બપોરના ૪/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ઓઢવઃ** જૈમીન સ/ઓ પરષોતમભાઈ વાઘેલા (ઉ.વ.૨૧) (રહે. રોહિતવાસ મહાકાળી મંદીરની બાજુમાં ગણેશકોલોની સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી